અપીલ અરજી નં.૮૧ તા.૨–૬–૧૦/૧૧

અરજદારઃ– શ્રી અતુલભાઈ નાગજીભાઈ ફળદુ
સામાવાળાઃ– ડે.કમિશનર(પઅનેઈ)અને જાહેર માહિતી અધિકારી (કતારગામઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :–** આરટીઆઈ એકટ હેઠળ શ્રી અતુલભાઈ નાગજીભાઈ ફળદુની તા.૨૫–૩–૧૦ ની અરજીથી મોજે કતારગામમાં આવેલ નવજીવન સોસાયટી જેનો સર્વે નં.૧૦૭/અ/૨/(૨૫૬)માં માંગવામાં આવેલ તમામ માહિતીની ઝેરોક્ષ નકલ આપવી . મુદ્દા નં.૧ મોજે કતારગામના સર્વે નં.૧૦૭/અ/૨ (૨૫૬) માં આવેલ નવજીવન સોસાયટીમાં કેટલા ચો.મી. સી.ઓ.પી. રાખવામાં આવેલી છે તે અને કેટલા કોમન પ્લોટો ખુલ્લા છે કેટલા કેટલા ચો.મી.ના છે તેની માહિતી આપવા. વિ.મુદ્દા નં.૧ થી ૧૦ ની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :–** અરજદાર મજકુરની તા.૨–૬–૧૦ ની **SMC/FAP/** નં.૮૧/૨૦૧૦–૧૧

શ્રી અતુલભાઈ નાગજીભાઈ ફળદુની તા.૨૫–૩–૧૦ નીઅરજીથી મોજે કતારગામમાં આવેલ નવજીવન સોસાયટી જેનો સર્વે નં.૧૦૭/ અ/૨/(૨૫૬)માં માંગવામાં આવેલ તમામ માહિતીની ઝેરોક્ષ નકલ આપવી. મુદ્દા નં.૧ મોજે કતારગામના સર્વે નં.૧૦૭/અ/૨ (૨૫૬) માં આવેલ નવજીવન સોસાયટીમાં કેટલા ચો.મી. સી.ઓ.પી. રાખવામાં આવેલી છે તે અને કેટલા કોમન પ્લોટો ખુલ્લા છે કેટલા કેટલા ચો.મી.ના છે તેની માહિતી આપવા. વિ.મુદ્દા નં.૧ થી ૧૦ ની માહિતી આપવા બાબતે ડે.કમિશ્નર (પ અને ઈ) અને જાહેર માહિતિ અધિકારી કતારગામ ઝોનના પત્ર નં.એન.ઝેડ/આ./૫૮૩ તા.૨૩/૪/૧૦ થી આપેલ માહિતીના મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને એક અઠવાડીયાના વિલંબથી તા.૨–૬–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૩૨૫ તા.૯–૬–૧૦ થી ડે.કમિશ્નર(પઅનેઈ)અને જાહેર માહિતી અધિકારી (કતારગામઝોન) તથા અરજદારને અપીલ અરજી લગભગ એક અઠવાડીયાના વિલંબથી કરેલ છે તે અંગેના કારણો તથા અપીલમાં કયા મુદ્દાઓ સામે નારાજગી છે જે સ્પષ્ટતા કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી અત્રેના વિભાગને કોઈ પૂરક વિગતો મળેલ નથી. તથા અરજદાર તરફથી પણ અપીલના વિલંબ અંગે કોઈ કારણ જણાવવામાં આવેલ નથી. તેમજ મુદ્દાઓની નારાજગી અંગે પણ કોઈ સ્પષ્ટતા કરવામાં આવેલ નથી.

અરજદારની તા.૨૫–૩–૧૦ ની અરજીથી મુદ્દા નં.૧ થી ૧૦ ની માહિતી માંગતી અરજી કતારગામઝોન ખાતે કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.એન.ઝેડ/આ.નં.૫૮૩ તા.૨૩–૪–૧૦ થી અરજદારને માહિતી આપવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારીના નિર્ણયથી નારાજ થઈ માહિતી ગેરમાર્ગે દોરવાની હોવાનું જણાવી તા.૨–૬–૧૦ ના રોજ એક અઠવાડીયાના વિલંબથી અપીલ અરજી કરેલ છે. જે અંગે અત્રેથી અપીલ તબકકે પત્ર નં.આરટીઆઈ સેલ/૩૨૫ તા.૯–૬–૧૦ થી વિલંબથી કરેલ અપીલ અંગે વાજબીપણું રજુ કરવા તક આપવા છતાં અરજદાર તરફથી વિલંબ અંગે કોઈ વાજબી કારણો પણ રજૂ કરેલ નથી. આમ વિલંબથી થયેલી અરજી કાયદાનુસાર પ્રથમ દર્શીય રીતે ગ્રાહય રાખવાપાત્ર રહેતી નથી તેમ છતાં આરટીઆઈ કાયદાના હાર્દને ધ્યાનમાં રાખી અપીલ અરજી ગ્રાહય રાખવામાં આવે છે. જેમાં મુદ્દા નં.૧ મોજે કતારગામના સર્વે નં.૧૦૭/અ/૨ (૨૫૬) માં આવેલ નવજીવન સોસાયટીમાં કેટલા ચો.મી. સી.ઓ.પી. રાખવામાં આવેલી છે તે અને કેટલા કોમન પ્લોટો ખુલ્લા છે કેટલા કેટલા ચો.મી.ના છે તેની માહિતી આપવા. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી મોજે કતારગામ રે.સ. નં.૧૦૭/અ/૨ વાળી જમીનમાં નવજીવન સોસા.ના પ્લાન તા.૧૫–૪–૮૬ ના રોજથી મંજુર કરવામાં આવેલ છે. મંજુર પ્લાન મુજબ સીઓપીનું ક્ષેત્રફળ ૧૫૧૮ ચો. મી. છે. તથા તા.૨૩–૧૧–૯૦ ટીડીઓ નં.૯૪૪ થી નવજીવન સોસા.ના સીઓપીમાં રીવાઈઝ પ્લાન મંજુર કરવામાં આવેલ છે. વધુમાં સીઓપીમાં એલ બી. એજયુકેશન સંચાલિત માતૃભુમિ વિદ્યાલય તથા દક્ષિણ શોપીંગ સેન્ટરનું બાંધકામ છે. સ્થળ પર ચોકકસ કેટલા મીટર ખુલ્લુ છે તે અંગે માહિતી ઉપલબ્ધ નથી. અરજદારે અપીલ અરજીમાં જણાવેલ છે કે સદર સોસા.નો પ્લાન મંજુર કરેલ છે તેમાં સીઓપી કેટલો બતાવેલ છે તેની માહિતી આપેલ નથી. તથા એલ.બી. એજયુકેશન વિદ્યાલય કેટલા જગ્યામાં શોપીંગ સેન્ટર કેટલી જગ્યામાં છે તેની માહિતી અધૂરી આપેલ છે. જાહેર માહિતી અધિકારીએ મંજુર પ્લાન મુજબ સીઓપીનું ક્ષેત્રફળ ૧૫૧૮ ચોમી. છે જે માહિતીમાં જણાવેલ છે. તેમજ એજયુકેશન વિદ્યાલય અને શોપીંગ સેન્ટર બાબતે સ્થળ પર ચોકકસ કેટલા ચો.મી.ખુલ્લુ છે તેની માહિતી ઉપલબ્ધ નથી તેવું જણાવેલ છે. આમ આરટીઆઈ એકટની કલમ–૨(એફ) અને ૨ (જે) હેઠળ માહિતી અને માહિતી અધિકારની વ્યાખ્યા અન્વયે જાહેર સત્તા મંડળની પાસેની અથવા નિયંત્રણ હેઠળની દફતરી ઉપલબ્ધ માહિતી પૂરી પાડવાની જોગવાઈ છે. તેની સાથે સુસંગત છે. મદ્દા નં.૨ મોજે કતારગામમાં આવેલ નવજીવન સોસા.નો મંજુર કરેલો પ્લાનના નકશાની ફકત ઝેરોક્ષ કોપી આપવી અને રીવાઈઝડ પ્લાન મુકેલ હોય તો તેટલાની પણ ફકત ઝેરોક્ષ કોપી આપવી અને ખરેખર ફકત ઝેરોક્ષ કોપીના પૈસા હોય તે ભરવા ફરમાન કરવું અન્ય વધારાના બાંધકામના પૈસા ભરવા માટે ફરમાન કરવું નહીં અને હીકકતલક્ષી માહિતી આપવા બાબત. તેવું જણાવેલ છે. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી મંજુર પ્લાનની ફોટોસ્ટેટ કોપી માટે રૂા.૧૫૦/– કતારગામઝોન કચેરીએ ભરપાઈ કરી મેળવી લેવા જાણ કરવામાં આવે છે. તેવું જણાવેલ છે. અરજદારે અપીલ અરજીમાં રીવાઈઝડ પ્લાનની ઝેરોક્ષ કોપી માંગેલ છે ફોટોસ્ટેટ કોપી નહીં જે જાહેર માહિતી અધિકારીએ જણાવેલ તે ઝેરોક્ષ કોપી જ છે. ઝેરોક્ષ કોપીની નકલની કિંમત જણાવેલ છે. મુદ્દા નં.૩ બિન ખેતીના હુકમની નકલો નકશા પરવાનગીમાં મુકવામાં આવેલ છે તેની ઝેરોક્ષ

કોપી મ્યુ. કોર્પોરેશન તરફથી મળે તેમ પ્રબંધ કરી આપવા વિનંતી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી બિનખેતી હુકમની નકલ બાબતે કતારગામઝોન કચેરીએ કોઈ માહિતી ઉપલબ્ધ નથી. તેવું જણાવેલ છે. મુદ્દા નં.૪ સર્વે નંબર ૧૦૭/અ/ર (૨૫૬) માં આવેલ તા.૧૯–૬–૦૯ ના રોજ મરણના થતા પેઢીનામા આધારે તેમના સીધી લીટીના વારસદારોની યાદી અને પેઢીનામાના તમામ ડોકયુમેન્ટની ઝેરોક્ષ કોપી આપવા બાબત. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી કતારગામઝોન કચેરીએ કોઈ માહિતી ઉપલબ્ધ નથી.તેવું જણાવેલ છે. મુદ્દા નં.૫ નવજીવન સોસા.માં ગેરકાયદેસર બાંધકામ માટે કેટલી પેનલ્ટી વસુલ કરેલ છે અને તેની રસીદ નંબર તારીખ સહિતની ઝેરોક્ષ નકલ આપવા બાબત. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી નવજીવન સોસા.માં ગેરકાયદેસર બાંધકામ બાબતે પેનલ્ટી વસુલ કર્યા બાબતે કોઈ માહિતી ઉપલબધ નથી. તેવું જણાવેલ છે. મુદ્દા નં.૬ નવજીવન સોસા.ને મ્યુ. કોર્પોરેશને આપેલ રજાચિઠ્ઠીની નકલ આપશો તથા કેટલા ચો.મી. બાંધકામની પરવાનગી આપવામાં આવેલ છે તેની સ્પષ્ટ માપ સાથેની પરમીશન સાથેની ફકત ઝેરોક્ષ નકલ આપવા બાબત. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી રજાચિઠ્ઠીની નકલ ઝોન કચેરીએ ઉપલબ્ધ નથી. તેવું જણાવેલ છે. મુદ્દા નં.૭ યુ. એલ.સી. ના નિયમોનું પાલન કરેલ છે કે નહી તેની માહિતી આપશો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી યુ.એલ.સીના નિયમોના પાલન બાબતે કતારગામઝોન કચેરીએ કોઈ માહિતી ઉપલબ્ધ નથી. જેમાં અરજદારે મુદ્દા નં.૩ થી ૭ માં માહિતી ઉપલબ્ધ નથી તે ગેરમાર્ગે દોરવાનું જણાવેલ છે અને હકીકતલક્ષી માહિતી આપેલ નથી. તેવી રજૂઆત કરેલ છે. મુદ્દા નં.૮ સદર વિસ્તારમાં કયા ઝોનલચીફ ઓફિસર કાર્યપાલક ઈજનેર તથા જુની. ઈજનેર તથા ડે. ઈજનેર તથા અન્ય અધિકારીઓના તાબામાં આવે છે તેની માહિતી આપવા બાબત. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી નોર્થઝોન કતારગામઝોન ખાતે ઝોનલચીફ તરીકે હાલ ડે.કમિશ્નર(પઅનેઈ) શ્રી સી. જે. ગામીત તથા કાર્યપાલક ઈજનેર તરીકે શ્રી જયદીપસિંહ એમ. ચૌહાણ કાર્યરત છે. જયારે મોજે કતારગામમાં આવેલ નવજીવન સોસા. ટીપી નં.૪૯ સર્વે નં.૧૦૭/અ/ર (૨૫૬) વિસ્તારમાં શહેર વિકાસ વિભાગને લગતી કામગીરી ડે.ઈજનેર શ્રી એચ. આર. કંસારા તથા જુની. ઈજનેર શ્રી સંજય આર. પટેલ સંભાળે છે. મુદ્દા નં.૯ નવજીવન સોસાનું બાંધકામ ગેરકાયદેસર હોય તો મ્યુ. કોર્પોરેશન તેના પગલા ભર્યા હોય તેની માહિતી આપવી અને ગેરકાયદેસર બાંધકામ વિશે કોઈ પગલા લીધા હોય તો તેમાં હાલ પગલા ભરવાના છે કે કેમ તેની માહિતી આપવી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી નવજીવન સોસા.ના ગેરકાયદેસર બાંધકામ બાબતે કોઈ માહિતી ઉપલબ્ધ નથી. વધુમાં શું પગલા ભરવાના છે તે બાબતે જણાવવાનું કે રાઈટ ટુ ઈન્ફર્મેશન એકટ–૨૦૦૫ અન્વયે કચેરીએ ઉપલબ્ધ દફતરી માહિતી આપવાની થાય છે.જેમાં અરજદારે માહિતી ઉપલબ્ધ નથી તો કયારે આધારે સોસા. કાયદેસર ગણાય તેની માહિતી અધૂરી આપેલ છે. મુદ્દા નં.૧૦ નવજીવન સોસા.ના પ્લાનમાં મુકેલ માલિકના પુરાવા જેવાકે, દસ્તાવેજ કે પાવરનામાની ઝેરોક્ષ નકલ આપવા બાબત અને માલિકીના નામના કોઈ પુરાવા ઝેરોક્ષ નકલ આપવા બાબત. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી નવજીવન સોસા.ના મંજુર પ્લાન સિવાય ઝોન કચેરીએ કોઈ માહિતી ઉપલબ્ધ નથી. તેવું જણાવેલ છે. જેમાં અરજદારે મંજુર પ્લાન સિવાય કોઈ વસ્તુ ન હોય તો તે શકય નથી આવા જવાબો આપી માહિતી અધિકારીએ ગેરમાર્ગે દોર્યા છે. તેવી રજૂઆત કરેલ છે. આમ અપીલમાં અરજદારને મુદ્દા નં૩ થી ૭ અને ૯ અને ૧૦ ના ઉપલબ્ધ માહિતી નથી તે બાબતેની રજૂઆત કરેલ છે. જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને દફતરી ઉપલબ્ધ માહિતી આપવામાં આવેલ છે. જાહેર માહિતી અધિકારીએ મુદ્દા નં.૧ માં નિર્દિષ્ટ વિગતે પ્લાન મંજુર થયાનું રીવાઈઝ પ્લાન મંજુર થયાનું જણાવેલ છે. જયારે મુદ્દા નં.૬ માં રજાચિઠ્ઠીની નકલ અત્રે ઉપલબ્ધ નહીં હોવાનું જણાવેલ છે. જે તેટલે અંશે પારસ્પરિક વિરોધાભાસ દર્શાવે છે. તે ધ્યાને લેતાં જે આધારે મુદ્દા નં.૧ ની માહિતી આપી તે દફતરની તપાસણી અરજદારને પૂરી પાડી તે પૈકી ઈચ્છે તે નકલો આપવા પાત્ર થાય. મુદ્દા નં.૩ અને ૪ બાબત હેઠળના જાહેર માહિતીઅધિકારીના કાર્યક્ષેત્રમાં ન હોય તો સબંધિત કક્ષાએ ૬(૩) હેઠળ તબદીલીની કાર્યવાહી થયાનું જણાતું નથી તે કરવાપાત્ર થાય.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૫–૩–૧૦ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી જાહેર માહિતી અધિકારી કક્ષાએથી માહિતી પૂરી પડાયેલ હોઈ અપીલ અરજી અંગે વિશેષ કંઈ કરવાનું રહેતું ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે. તેમ છતાં અરજદાર ઈચ્છુક હોય તો મુદ્દા નં.૩ થી ૭ અને ૯,૧૦ બાબતે જાહેર માહિતી અધિકારીનો આગોતરો સમય મેળવી કચેરીના કામકાજ દરમ્યાન દિન–૭ માં બાબત હેઠળની મિલ્કતના સબંધિત દફતરનું ઈન્સ્પેકશન કરી શકે છે. જે માટે કાયદાની કલમ–૭(૩) અને નિયમ–૫ થી ઠરાવેલ ફી અરજદારે ભરપાઈ કરવાની રહેશે. અરજદાર તરફથી ઈન્સ્પેકશનની માંગણી થયે તદઅનુસારની અમલવારી કરવા તથા મુદ્દા નં.૩ અને ૪ અંગે લાગત જાહેર સત્તા મંડળને તબદીલ કરવાની કાર્યવાહી પણ કરવા ડે.કમિશ્નર(પઅનેઈ)અને જાહેર માહિતી અધિકારી કતારગામ ઝોનને જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૬–૧૦

ડે.કમિશ્નર (જનરલ)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (કતારગામઝોન).....જાણ તથા અમલ માટે
(૨) શ્રી અતુલભાઈ નાગજીભાઈ ફળદુ